જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૩/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૬૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૨૯૩ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૬૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧૯ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૬૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૬૨/૨૦૨૬**

સેટેલાઈટઃ અમીત સ/ઓ અશોકભાઈ સોની (ઉ.વ.૨૯) (રહે. આલોક બંગ્લોઝ સ્મૃતિ મંદીર પાસે, કેનાલ રોડ, ઈસનપુર) એ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમીત સોની નાઓ સોનીનો ધંધો કરતા હોય માહે ઓક્ટોબર–૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન રાકેશ હરેશભાઈ સોની (રહે. સુરભી ટેનામેન્ટ ઈસનપુર) એ અમીત સોની નાઓને પાર્થ હરેન્દ્રભાઈ દલવાડી (રહે. પહેલો માળ વર્ધમાન હીલ્સ યુનિક પાર્ક મોંટ–૯ ફ્લેટની બાજુમા ઈસરો કેમ્પસ સામે સેટેલાઈટ) ના ઘરે લઈ જઈ પાર્થ દલવાડીની મોટી વ્યક્તિ તરીકે ઓળખાણ કરાવી હતી ત્યારબાદ પાર્થ દલવાડીએ અમીત સોની પાસેથી ૨૪ કેરેટ સોનાની ૭૫૦ ગ્રામ સોનાનું બિસ્કીટ ખરીદી કરવાના બહાના હેઠળ તેના ઘરે બોલાવી અમીત સોની પાસેથી સોનાનું બિસ્કીટ કિમત રૂપિયા ૯૬,૩૮,૦૦૦/– મેળવી લઈ બિસ્કીટનું પેમેન્ટ માણેકબાગ પી.એમ.આંગડીયા ખાતેથી મળી જશે તેવો ભરોસો આપી સોનાના બિસ્કીટના રૂપિયા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૬૩/૨૦૨૬**

રાણીપઃ આરવ સમીરભાઈ બારોટ (ઉ.વ.૧૭) (રહે. બ્લોક–એમ સુવર્ણ એપાર્ટમેન્ટ વિભાગ–૦૨ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૬ સાંજના ૫/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.ગઢવી ચલાવે છે.

મેઘાણીનગરઃ શિલ્પીબહેન ડો/ઓ શૈલેન્દ્રકુમાર યાદવ (ઉ.વ.૨૨) (રહે. હનુમાનનગર ગલી નંબર–૧ કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા તબિયત બગડતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૩/૨૦૨૬ બપોરના ૦૪/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરુણકર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી